# જન્મદિને વધામણી



**પ્રકાશ લાલા**
વરિષ્ટ નાટ્યકાર અને મંત્રી, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો : ૯૪૨૬૦૮૪૬૩૨



**વસંતબેન સુરેશ ભટ્ટ**
મો. ૨૩૨૨૬૨૫૧



**ઈશ્વરલાલ દેવશંકર જોષી**
મો. ૯૯૦૪૧ ૭૧૨૨૨



**અંજનાબેન બિપીનભાઈ રાવલ**
મેને. ટ્રસ્ટી, શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા
મો. ૯૧૫૭૩ ૯૪૨૬૭



**કૃપાબા પંકજસિંહ બિહોલા**



**સંકેત ગોર**
લિઓ કો-ઓર્ડિનેટર
મો. ૯૮૨૪૬ ૪૫૬૭૧




**કવિશા ચિરાગકુમાર જોષી**

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### સાહિત્યક્ષેત્રે ગાંધીનગરમાં નવો કીર્તિમાન

# નટવર હેડાઉનાં સાત પુસ્તકોનું એકસાથે વિમોચન



ગાંધીનગર, તા. ૬

સાહિત્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન ઊભું કરી રહેલું આપણું પાટનગર ગાંધીનગર અવનવા વિક્રમો સર્જી રહ્યું છે. જેમ કે ગાંધીનગરમાં દર માસે એક પુસ્તક પ્રગટ થતું હોવાનું કહેવાય છે. થોડા સમય પહેલાં ગાંધીનગરના એક લેખકનાં પાંચ પુસ્તકોનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. હવે ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ અને જાણીતા સાહિત્યકાર નટવર હેડાઉનાં સાત પુસ્તકોનું લોકાર્પણ એકસાથે થયું છે. નટવર હેડાઉનાં આ સાત પુસ્તકો પૈકી 'રાજુનો તરખાટ' સળંક કિશોરકથા છે, જેનું પ્રકાશન વિશ્વકોશ, અમદાવાદ દ્વારા થયું છે. તો 'અરણ્યની આરપાર' ભારતના મહત્ત્વપૂર્ણ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનોનો પરિચય કરાવતું પુસ્તક છે. રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર પ્રાપ્ત કરનારા સાહસવીરોની સત્યકથાઓનાં બે પુસ્તકો તેમજ પુસ્તક અવલોકન અને સમીક્ષાનાં બે પુસ્તક 'શબ્દ મંથન' તેમજ 'બાલ સાહિત્ય સમીપે' સાહિત્યના સાંપ્રત પ્રવાહથી અવગત કરાવતાં ખૂબ મહત્ત્વનાં પ્રકાશનો છે. ઉપરાંત 'હવે હું ચૂપ નહીં રહું' પર્યાવરણ અને વન સંરક્ષણને લગતાં બાળનાટકોનું પુસ્તક પણ લેખકે આપ્યું છે. રાષ્ટ્રીય પુસ્તક મેળામાં 'સર્જક સાથે સંવાદ'માં જોડાયેલા જાણીતા સાહિત્યકાર ડૉ. કિશોરસિંહ સોલંકી, મણીલાલ હ પટેલ, સલીલ દલાલ, હરિશ મંગલમ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા અને મહામાત્ર અજયસિંહ ચોહાણ ઉપરાંત બહોળા પ્રમાણમાં સાહિત્યસર્જકો, ભાવકોની ઉપસ્થિતિમાં આ લોકાર્પણ સમારોહ સંપન્ન થયો હતો.

# શનિવારે સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલની ઍન્યુઅલ સ્પોર્ટ્સ મીટ યોજાશે

ગાંધીનગર, તા. ૬

શનિવારે સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગરની સ્કૂલ સ્પોર્ટ્સ મીટ યોજાઈ રહી છે.

૮ ડિસેમ્બરના રોજ સવારે ૮.૧૫ કલાકે આ સ્પોર્ટ્સ મીટનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે, જેના પ્રમુખ તરીકે ગાંધીનગર ઈન્ટેલિજન્સના ઈન-ચાર્જ ઍડિશનલ ડીજીપી આર બી બ્રહ્મભટ્ટ ઉપસ્તિત રહેશે.


ઉલ્લેખનીય છે કે ૩૨ જેટલી સ્પર્ધાઓ આ સ્પોર્ટ્સ મીટ અંતર્ગત યોજાઈ રહી છે, જેમાં ભાગ લેવા સ્કૂલના વિદ્યાર્થીઓ થનગની રહ્યા છે.

# ઍસ કે પટેલ સ્કૂલમાં મૉડેલ મેકિંગ વર્કશૉપ



કડી સર્વવિદ્યાલય સંચાલિત ઍસ કે પટેલ સ્કૂલમાં 'મૉડલ મેકિંગ' કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સીઝન, ડે-નાઈટ ક્લોક, મન્થ, ફેસ્ટિવલ, વોટલ સાઈકલ, ઈન્સેક્ટ, બર્ડ્સ, બેબી સાઈકલ, પ્લાન્ટ સાઈકલ જેવાં મૉડલ શિક્ષકોએ જાતે બનાવીને બાળકોને તેના વિશે જાણકારી આપી હતી.

# દલિત સાહિત્ય વિમર્શ મંચ, ગાંધીનગરના ઉપક્રમે આંબેડકર વિચારાંજલિ સપ્તાહની ઉજવણી




પી.કે.ગઢવી



નટુભાઈ પરમાર



ચંદુ મહેરિયા



જી.કે. પરમાર



ભી.ન. વણકર



રમણ વાઘેલા

## વિદ્વાન વક્તાઓએ ૧થી ૬ ડિસેમ્બર દરમિયાન વક્તવ્યો આપ્યાં

ગાંધીનગર, તા. ૬

દલિત સાહિત્ય વિમર્શ મંચ, ગાંધીનગરના ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકર નિર્વાણદિન, ૬ ડિસેમ્બરના ઉપલક્ષ્યમાં ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે આંબેડકર વિચારાંજલિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણી અનુસંધાને ગુજરાત સરકાર દ્વારા હાલમાં જ પ્રકાશિત કરવામાં આવેલા ડૉ. આંબેડકરના ગ્રંથ ૨૩, ૨૪ અને ૨૫ વિષયે વિવિધ વિદ્વાન વક્તાઓએ ૧થી ૬ ડિસેમ્બર દરમિયાન વક્તવ્યો આપ્યાં હતાં. ૧લી ડિસેમ્બરે 'પ્રાચીન ભારતીય વાણિજ્ય ગ્રંથ' વિષયે પી કે ગઢવી, બીજીએ 'અસ્પૃશ્યો અને શાંત બ્રિટાનીકા' વિષયે નટુભાઈ પરમાર, ૩જીએ 'ઈંગ્લેન્ડના બંધારણ પરનાં પ્રવચનો' વિષયે ચંદુ મહેરિયાએ, ૪થીએ 'ડૉ. આંબેડકરના કાયદા પરનાં પ્રવચનો (ભાગ-૧થી ૪)' વિષયે જી કે રાઠોડે, પાંચમીએ તેના ભાગ પાંચથી ૮ વિષયે ભી ન વણકરે અને ૬ઠ્ઠી ડિસેમ્બરે 'સમાનતાનું શમણું અને પ્રકીર્ણ નોંધો' વિષયે રમણ વાઘેલાએ મનનીય વક્તવ્ય રજૂ કર્યું હતું. આ તમામ બેઠકોમાં સપ્તાહ દરમિયાન આંબેડકર પ્રેમીઓ પી બી મકવાણા, કે એસ પરમાર, નટુભાઈ બી પરમાર, વી એલ જાદવ, બાબુભાઈ ચક્રવર્તી, અશ્વિનભાઈ રાઠોડ, એસ એન દુલેરા, યોગેન્દ્ર ચૌહાણ, એમ જી ચૌહાણ, કાંતિભાઈ પરમાર, ગણેશ આચાર્ય અને સાહિલ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

૬ઠ્ઠી ડિસેમ્બરે મંચના સૌ સભ્યોએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

### શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામનો સ્નેહમિલન સમારોહ અંતર્ગત

# નારીશક્તિ જાગરણ અને સ્ત્રી સશક્તિકરણ ઉત્સવ







ગાંધીનગર, તા. ૬

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામનો 'સ્નેહમિલન સમારોહ' તાજેતરમાં ઉત્કંઠેશ્વર મહાદેવના શ્રી મંગળદાસ સોમાભાઈ અને શ્રીમતી જીવીબેન મંગળદાસ પ્રજાપતિ વિશ્રાંતિ ભવન ખાતે શ્રીમતી જશીબેન ચીનુભાઈ પ્રજાપતિ (ખાનપુર)ના અધ્યક્ષસ્થાને વિશાળ સંખ્યામાં જ્ઞાતિબંધુઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

રજતજયંતિ વર્ષ હોવાથી નારીશક્તિ જાગરણ અને સ્ત્રી સશક્તિકરણ નિમિત્તે સમૂહલગ્નમાં આજીવન દાતા બહેનોનું શાલ ઓઢાડી શિલ્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. સ્ટેજ પર મહેમાન પદે બહેનો જ બિરાજમાન હતાં. આ ઉપરાંત ખેડા જિલ્લામાં ફરજ બજાવતાં અને સીધી ભરતીથી મામલતદાર પદે પસંદગી પામેલાં હેમાંગિનીબેન ગુર્જર અને વકીલાતની સનદ મેળવનાર કિંજલબેન પ્રજાપતિનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓને ચંદ્રક પણ એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉર્મિલાબેન અને પ્રતિક્ષાબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ અંગે સમાજના અગ્રણી અને પૂર્વ પ્રમુખ ગાંડાભાઈ ગુર્જર તથા સંસ્થાના પ્રમુખ નારણભાઈ એસ પ્રજાપતિ તથા મંત્રી જગદીશભાઈ પ્રજાપતિએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડિરેક્ટર સાથે મળી ૩ સ્કૂલ્સને શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવી હતી. મૅડિકલ ઑફિસર દ્વારા સૂચિત મોટી પાવઠી, નજુપુર અને સાંબેલ પ્રાથમિક શાળાનાં ૨૬૦ જેટલાં બાળકોની આરોગ્ય તપાસ કરીને જરૂરિયાતમંદ બાળકોને દવા આપવામાં આવી હતી. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં ડૉ. પ્રવીણ બોઘાણી, ડૉ. અતુલભાઈ, મિલિન્દભાઈ તથા ભરતભાઈ જોડાયા હતા.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૪૭મો મણકો ॥**

ગાંધીજીએ આંબેડકરને જણાવ્યું, **'You are untouchable by birth and I am untouchable by choice.'** તમે જન્મથી દલિત છો અને હું પસંદગીથી દલિત છું. અને દલિતોને કેટલું મળવું જોઈએ એ બાબતે આપણે બંને સાથે છીએ. એ પછી સમાધાન થયું ને સામસામી સહીઓ પણ થઈ. તે પછી આંબેડકરે જાહેર કર્યું હતું, 'ગાંધીજી આટલી બેઠકો આપવાના હતા તો એ વાત તેમણે પહેલાં જ કરી લેવી જોઈતી હતી, તો એમને આટલાં શારીરિક કષ્ટો વેઠવાં ન પડત.' પણ એ ચર્ચા શરૂ થઈ હતી ઈંગ્લેન્ડમાં અને આ વખતે ચર્ચા થઈ ત્યારે ભૂમિ હતી ભારતની.



આંબેડકર માનતા હતા કે દલિતોને તેમના અધિકારો મળવા જોઈએ અને તે અધિકારો કાયદેસર રીતે મળવા જોઈએ.

ગાંધીજી માનતા હતા કે દલિતોને તેમના અધિકારો મળવા જોઈએ. પણ માત્ર તેમને અધિકારો આપવાથી તેમની સમસ્યાઓનો હલ નહીં આવી જાય. સાથે સાથે સવર્ણ લોકોનાં દિલ પણ ફેરવવાં જોઈએ.

ગાંધીજીના આ છ દિવસના ઉપવાસે ઘણાનાં દિલ હલાવ્યાં હતાં. તેમના ઉપવાસ સાથે દેશમાં એક એક મંદિરો ખૂલવા લાગ્યાં હતાં. અને ૧૪૧ જેટલી બેઠકો ગાંધીજીએ દલિતો માટે ફાળવી હતી.

આંબેડકરે ગાંધીજીને કહ્યું હતું, 'આપ મારી વાતને, મારી માગણીઓને જેટલી સમજ્યા છો તેટલી આપના ચેલાઓ નથી સમજ્યા.' ત્યારે ગાંધીજીએ આ વાતને સમર્થન આપતાં કહ્યું હતું, 'હા. વાત સાચી છે. હું આ વાતને સમજ્યો છું કારણ કે હું દલિત છું.'

150 ગાંધીયાત્રા

એ પછી ૧૯૩૭માં સામાન્ય ચૂંટણીઓ યોજાઈ ત્યારે જે રીઝર્વ સીટો હતી તેની સંખ્યા હતી મેકડોનાલ્ડ જેટલી બેઠકો દલિતોને આપવા માંગતા હતા તેની બમણી સંખ્યા કરતાં એક વધારે. અને આ બેઠકો જીતનારામાંય કોંગ્રેસ તરફથી ઊભા રહેનારા ઉમેદવારોની સંખ્યા વધુ હતી. આંબેડકર તરફથી ઊભા રહેનારા ઉમેદવારો ઓછા હતા. આમ, રાજનૈતિક રીતે તો આ બાબતનોય કોંગ્રેસને જ લાભ થયો.

એ પછી આંબેડકર ગાંધીજીને જેલમાં મળવા ગયા ત્યારે ગાંધીજીએ કહ્યું, 'હું તો અત્યારે રાજ્યનો કેદી છું તેથી મારાથી રાજનૈતિક ચર્ચા કરી શકાય નહીં. સામાજિક સુધારાની કોઈ વાત હોય તો કરો.' 'તમારે મને આ વાત પહેલાં કહેવી જોઈતી હતી. હું તો તમારી સાથે રાજનૈતિક ચર્ચા કરવા જ આવ્યો છું. હું તમને એમ કહેવા આવ્યો છું કે તમે પાર્લામેન્ટમાં આવો.' પણ ગાંધીજીએ એ વાત કાને ધરી નહીં, તેમણે આંબેડકરને કહ્યું, 'મારાં છાપાં તો બંધ થઈ ગયાં છે. પણ હું નવું છાપું શરૂ કરીશ તો એનું નામ 'હરિજન' (હરિજન બંધુ કે હરિજન સેવક)ના નામથી રાખીશ. પણ મારે એ છાપાના પહેલા અંકમાં તમારો સંદેશ જોઈએ.' ત્યારે આંબેડકરે નમ્રતાથી જણાવ્યું હતું કે, 'આપના અખબારમાં મારો સંદેશ આપવાની તો મારી લાયકાત નથી, એ ગુસ્તાખી હું ન કરી શકું. પણ હા, આપ કહો તો હું મારો લેખ છે એ આપને મોકલું.' ગાંધીજીએ સંમતિ આપી, આંબેડકરે લેખ મોકલ્યો ને એ ગાંધીજીએ પહેલા પાને છાપ્યો પણ ખરો. મતભેદોને દૂર કરવાનો આ તેમનો સ્વભાવ.

અને મતભેદ હોય ત્યારે પણ ને એ પછી પણ મનભેદ તો ક્યારેય નહીં. સ્વરાજ મળવાનું વાણું નજીક આવતું જતું હતું ત્યારે નવા પ્રધાનમંડળની તૈયારીઓ થઈ રહી હતી. જવાહરલાલ નહેરુ વડાપ્રધાન થવાના હતા. તેમણે નવા પ્રધાનમંડળ માટેની એક યાદી ગાંધીજીનો જોઈ જવા માટે આપી હતી. એ યાદીમાં આંબેડકરનું નામ નહોતું, પણ ગાંધીજીએ પોતાના હાથે ઉમેર્યું હતું. ત્યારે નહેરુને આશ્ચર્ય થયું હતું, 'આ માણસ તો કોંગ્રેસ વિરોધી છે. એને તમે પ્રધાનમંડળમાં રાખવા માંગો છો ?' ગાંધીજીએ જવાબ આપવાને બદલે તેમને સામે સવાલ કર્યો હતો, 'તમારે રાષ્ટ્રીય સરકાર કરવી છે કે કોંગ્રેસની સરકાર ?' નહેરુ જવાબ આપી શક્યા ન હતા અને આંબેડકરને પ્રધાનમંડળમાં લેવામાં આવ્યા હતા, આપણા દેશના તેઓ પ્રથમ કાયદામંત્રી બન્યા હતા.

બંધારણસભાનું કામ આઝાદી પહેલાંનું ચાલતું હતું અને એ પછી પણ ચાલી રહ્યું હતું. એ દિવસોમાં સરોજિની નાયડુ ગાંધીજી સાથે વાતચીત કરી રહ્યા હતા. ગાંધીજીએ બંધારણના કામ અંગે પૂછ્યું તો સરોજિની નાયડુએ કહ્યું, 'કાયદાની આંટીઘૂંટી તો ઘણી છે અને ઘણી અમારી સમજમાં ન આવે તેવી પણ છે. તેથી અમે વિચારીએ છીએ કે કોઈ કોન્સ્ટીટ્યુશનલ કન્સલ્ટન્ટને હાયર કરીએ જે અમને બંધારણ અંગે સલાહ આપે.' 'કોઈનો વિચાર કર્યો છે ?' ગાંધીજીએ પૂછ્યું. જવાબ મળ્યો, 'હા ઈંગ્લેન્ડમાં એક માણસ છે જે આ બાબતના નિષ્ણાત છે.' 'કેમ ? દેશમાંથી તમને કોઈ માણસ ન મળ્યો ?' ગાંધીજીએ પૂછ્યું. ભારતનું બંધારણ ઘડવા માટે ઈંગ્લેન્ડમાંથી નિષ્ણાત બોલાવવામાં આવે એ વાત તેમને યોગ્ય લાગતી ન હતી. તેથી તેમણે આમ પૂછ્યું. સરોજિનીએ પૂછ્યું, 'દેશમાં એવો માણસ કોણ છે ?' 'આંબેડકર છે.'

ગાંધીજીને ગોળમેજી પરિષદ વખતનો પ્રસંગ યાદ હતો જ્યારે આંબેડકરે ગાંધીજી પર એવો આક્ષેપ લગાવ્યો હતો કે 'બંધારણ શું એની પણ એમને ખબર નથી.' પોતાને બંધારણની આંટીઘૂંટીઓ નથી ખબર એ વાત ગાંધીજી જાણતા હતા પણ સાથે સાથે એ પણ જાણતા હતા કે આંબેડકર આ બાબતમાં નિષ્ણાત છે. તેથી તેમણે આંબેડકરનું નામ સૂચવ્યું અને પછી આંબેડકર બંધારણ સમિતિના અધ્યક્ષ બન્યા. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ